GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST. – VALSAD (GUJARAT)

# NEWSLETTER

JAN.– JUNE, 2024 Number 25



*My life is My Message*

**Chief Editor**

Dr R. F. Thakor
Senior Scientist & Head

**Editorial Team**

Shri K. A. Patel
Shri L. T .Kapur
Shri M. M. Gajjar
Dr B. M. Patel
Shri P. J. Joshi
Smt P. R. Ahir
Shri P. R. Patel

*Half Yearly Newsletter Published by*

Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)
E-mail : kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## Training on Natural Farming

For promotion of Natural Farming , KVK organised 9 residential training programmes of two days duration on natural farming for technical and farmer master trainers (TMT/FMT) in collaboration with ATMA Project. Total 281 technical and farmers master trainers of Dang and Valsad districts participated. During the training programmes, the details on different aspects of natural farming like importance and role of Desi cow, microorganisms, earthworms, preparation of jivamrit/ghan jivamrit and bijamrit, mulching, vapsa condition and irrigation management, mix cropping, crop protection in natural farming by using Jantunashak astras like Neemastra, Brahmastra, Agnistra, Dashparni Ark, etc. were discussed. The KVK also organized 23 training, 2 demonstrations and 12 awareness programmes on natural farming for the farmers.




## પ્રાકૃતિક ખેતી પ્રચાર પ્રસાર

પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે આત્મા પ્રોજેક્ટના સહયોગથી પ્રાકૃતિક ખેતી અંગેના બે દિવસીય કુલ ૯ તાલીમ કાર્યક્રમોનું આયોજન કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું. જેમાં વલસાડ અને ડાંગ જિલ્લામાંથી કુલ ૨૮૧ ટેકનીકલ અને ફાર્મર માસ્ટર્સ ટ્રેનર્સે ભાગ લીધો હતો. આ તાલીમમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો જેવા કે દેશી ગાય, સૂક્ષ્મ જીવાણુઓ, અળસિયાનું મહત્વ, જીવામૃત/ઘનજીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાપસા અને પિયત વ્યવસ્થાપન, મિશ્રપાકો, પાક સંરક્ષણ જંતુનાશક અસ્ત્રો જેવાકે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણી અર્ક, વગેરે વિષયોની સૈધ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત ખેડુતો માટે પ્રાકૃતિક ખેતીના ૨૩ તાલીમ કાર્યક્રમો, ૨ નિદર્શનો અને ૧૨ જાગૃત્તતા કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા. મહામહીમ રાજ્યપાલશ્રી સાથે થયેલ સમીક્ષા બેઠકમાં કેન્દ્રની કામગીરીને બિરદાવવામાં આવી.

## SAC Meeting

The 34th Scientific Advisory Committee meeting of KVK was held on 1st March, 2024 at Gujarat Vidyapith under the chairmanship of Mr. Bhupendrasinhji Chudasama, Ex.-minister (Agriculture and Education, GOG) and Trustee of Gujarat Vidyapith. The DEE and scientists of Agriculture University, officials from various department of district and farmers members were participated. Dr R. F. Thakor, Chief Scientist & Head of KVK presented the activities carried out during last year.



## વૈજ્ઞાનિક સલાહકાર સમિતિ બેઠક

કેવીકેની ૩૪મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક તા. ૦૧-૦૩-૨૦૨૪ ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ભૂતપૂર્વ મંત્રી (કૃષિ અને શિક્ષણ, ગુજરાત સરકાર) અને ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટીશ્રીની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી અને વૈજ્ઞાનિકશ્રીઓ, જીલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા ખેડુત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિકશ્રી ડૉ. આર. એફ. ઠાકોર દ્વારા ગત વર્ષ દરમ્યાન કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલ રજૂ કરવામાં આવેલ.

## World Environment Day

All over the world every year, 5th June is celebrated as world environment day to create awareness on conservation of natural resources to save the environment. KVK Valsad also celebrated world environment day under the theme on land restoration, desertification and drought resilience. More than 75 farmers of Sarvartati, Karjun and Kolvera villages of Kaprada block were participated. The experts of KVK Shri. P. J. Joshi, Shri. L. T. Kapur and Shri. K. A. Patel guided the farmers on various aspects of natural resources management. The farmers were pledged for tree plantation also by the KVK scientists.



## વિશ્વ પર્યાવરણ દિવસની ઊજવણી

પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃત્તતા આવે અને કુદરતી સંસાધનોનુ સંરક્ષણ થાય તથા પર્યાવરણને અનુકુળ પધ્ધતિઓના અમલીકરણ થકી પર્યાવરણ જાળવણીના હેતુથી વિશ્વભરમાં દર વર્ષે તારીખ ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ “Land restoration, desertification and drought resilience” થીમ હેઠળ કેવીકે ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં કપરાડા તાલુકાના સરવરટાટી, કરજૂન અને કોલવેરા ગામોના અંદાજીત ૭૫ ખેડુતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રના તજજ્ઞો શ્રી. લલિત કપુર, શ્રી કમલેશ પટેલ તથા શ્રી પ્રકાશ જોષીએ ઉપસ્થિત ખેડુતોને માર્ગદર્શન આપી વૃક્ષ વાવવાના શપથ લેવડાવ્યા હતા.

## Farmers Shibir

Farmer Shibir was organized at Lakadmal village of Dharampur block on 31st May, 2024 in which more than 100 farmers from Bhensdhara, Fulvadi, Nanivhiyal, Kakadkuva and Lakadmal villages were participated. Dr. L. K. Arvadiya, Scientist of Navsari Agriculture University, Navsari informed the farmers on latest technologies for cultivation of mango and paddy including inter crops like turmeric, ginger and value addition as well. Shri. L. T. Kapur, soil scientist of KVK guided the farmers on integrated nutrient management and nano fertilizers. Shri. K. A. Patel, SMS(PP) guided the participants on ecofriendly management of pest and diseases and natural farming. During the programme, farmers interacted with scientists and get solutions of their problems satisfactory. The farmer leaders Shri. Babubhai, Hareshbhai and Ratilalbhai contributed lot for the success of the entire programme.



## ખેડુત શિબિર

તા. ૩૧/૦૫/૨૦૨૪ના રોજ ધરમપુર તાલુકાના લાકડમાળ ગામમાં કેન્દ્ર દ્વારા આયોજીત ખેડુત શિબિરમાં ભેસધરા, ફુલવાડી, નાની વહિયાળ, કાકડકુવા અને લાકડમાળ ગામના ૧૦૦થી વધુ ખેડુતોએ ભાગ લીધો હતો. નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રી ડૉ એલ કે અરવાડીયાએ ડાંગર તથા આંબાની ખેતી, હળદર, -આદુ જેવા આંતરપાક, બજાર વ્યવસ્થાપન અને મૂલ્ય વર્ધન અંગે વિસ્તૃત માહિતી આપી. કેન્દ્રના જમીન વૈજ્ઞાનિકશ્રી લલિત કપુરે ઉપસ્થિત ખેડુતોને પાક પોષણ વ્યવસ્થા અંગે ખાતર વ્યવસ્થાપન અને નેનો ફર્ટીલાઇઝર્સ અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. પાકસંરક્ષણ નિષ્ણાંતશ્રી કમલેશભાઇ પટેલે ઉપસ્થિત ખેડુતોને ઇકોફ્રેડલી ઉપાયો થકી રોગજીવાત નિયંત્રણ માટે માર્ગદર્શન આપ્યુ હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી. બાબુભાઇ, હરેશભાઇ અને રતિલાલભાઇ પટેલે ખુબ જહેમત ઉઠાવી હતી.

## Viksit Bharat Sankalp Yatra

Viksit Bharat Sankalp Yatra (VBSY) was organized in all villages of Valsad district to aware the peoples about various schemes of government. KVK participated in the VBSY programmes organized in 15 villages of Valsad block during Jan-24. Shri. M. M. Gajjar and other experts delivered lectures on natural farming and soil health management. More than 4,722 farmers and farm women participated in this programme.



## વિક્સિત ભારત સંકલ્પ યાત્રા

સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશે જાગૃત્તતા કેળવાય તે હેતુથી જિલ્લાના દરેક ગામોમાં વિક્સિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવેલ. જાન્યુઆરી-૨૪ દરમ્યાન વલસાડ તાલુકાના ૧૫ જેટલા ગામોમાં આયોજીત વિક્સિત ભારત સંકલ્પ યાત્રા રથના કાર્યક્રમોમાં કેવીકેના શ્રી. એમ. એમ. ગજ્જર તથા અન્ય તજજ્ઞોએ હાજર રહી અંદાજે ૪,૭૨૨ જેટલા ખેડુતોને પ્રાકૃતિક ખેતી અને જમીન સ્વાસ્થ્ય વ્યવસ્થાપન વિશે માર્ગદર્શન આપેલ.

## Seminar on Finger milet Crop



A seminar on Finger millet crop was organised at KVK on 5$^{th}$ June,2024 in which about 76 farmers from Kolvera, Sarvartati and Karjun villages were participated. The farmers were guided in details on importance of millets and scientific production technologies to improve the quality production of finger millet by scientists of KVK. The FLD on improved var. Guj. Nagli– 8 & 9 of finger millet has been organized in 20 ha. On 110 farmers`fields in Kaprada block.

## નાગલી પાક પરિસંવાદ

કેવીકે ખાતે તા. ૦૫/૦૬/૨૦૨૪ના રોજ નાગલી પાક વિશે સેમીનાર યોજાયો જેમાં કપરાડા તાલુકાના કોલવેરા, સરવરટાટી, કરજુન વગેરે ગામોમાંથી ઉપસ્થિત ૭૬ જેટલા ખેડુતોને કેન્દ્રના વિષય નિષ્ણાંતો દ્વારા નાગલી પાક ઉત્પાદનની વિવિધ તાંત્રિક્તાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. કેન્દ્ર દ્વારા ચાલુ વર્ષે કપરાડા તાલુકાના વિવિધ ગામોમાં નાગલી પાકની સુધારેલ જાત ગુજ. નાગલી-૮ અને ગુજ. નાગલી- ૯ ના ૨૦ હે. વિસ્તારમાં ૧૧૦ ખેડુતોના ખેતરે નિદર્શનો ગોઠવવામાં આવ્યાં છે.

## Field Day on Dapog Nursery

KVK had organised demonstration on modified dapog nursery of paddy at Kolvera, Vadset, Valveri and Karjun villages of Kaprada. As a part of demonstration, field day was organised at Kolvera to collect the feed back on the demonstration in which about 75 farmers were participated. The farmers were guided on new method of modified dapog nursery of paddy by Shri. L. T. Kapur (Soil Scientist) of KVK. The farmers reacted that in this method, healthy seedlings can be raised in 14-15 days with low cost.



## ડેપોગ ધરૂવાડીયા અંતર્ગત ક્ષેત્રદિન

આદર પધ્ધતિના વિકલ્પરૂપે કેવીકે દ્વારા કપરાડા તાલુકાના કોલવેરા, વડસેત, વાલવેરી અને કરજૂન ગામોમાં ડાંગર ધરૂવાડિયાની નવિનત્તમ્ મોડીફાઇડ ડેપોગ પધ્ધતિના નિદર્શનો ગોઠવવામાં આવેલ છે. આ નિદર્શન અંતર્ગત આયોજીત ક્ષેત્ર દિનમાં ઉપસ્થિત ૭૫ ખેડુતોને કેન્દ્રના જમીન વૈજ્ઞાનિક શ્રી લલિત કપુરે ડાંગર ધરૂવાડિયાની નવિનત્તમ્ મોડીફાઇડ ડેપોગ પધ્ધતિ અંગે વિસ્તૃત માહિતી આપી ખેડુતો પાસેથી નિદર્શનોના પ્રતિભાવો જાણ્યા હતા. ખેડુતોએ જણાવ્યુ કે મોડીફાઇડ ડેપોગ પધ્ધતિથી વધુ તંદુરસ્ત ધરૂ ઓછી મજુરીએ અને ઓછા ખર્ચે ૧૪-૧૫ દિવસમાં તૈયાર થઇ જાય છે.

## World Women Day

World women day was celebrated at KVK on 8$^{th}$ March, 2024 under the theme of Atma Nirbhar Bharat– women empowerment through skill and knowledge. About 82 farm women participated in this programme. They were guided on scope and opportunities of various vocations for women upliftment and self sufficiency by Smt. P. R. Ahir (Home Scientist) and Dr. R. F. Thakor (Head of KVK).



## વિશ્વ મહિલા દિવસ

“આત્મ નિર્ભર ભારત- કૌશલ્ય અને જ્ઞાન થકી મહિલા ખેડુત સશક્તિકરણ” ઉદેશથી કેન્દ્ર દ્વારા તા. ૦૮/૦૩/૨૦૨૪ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં વિવિધ ગામની ૮૨ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. કેન્દ્રના વડા ડૉ. આર. એફ. ઠાકોર તથા ગૃહ વૈજ્ઞાનિકશ્રી પ્રેમિલાબેન દ્વારા કૌશલ્ય અને જ્ઞાન થકી મહિલા ખેડુત સશક્તિકરણ વિશે સજાગ કરી બહેનોને સ્વનિર્ભરતા માટે વિવિધ ગૃહઉદ્યોગો વિશે સમજ આપવામાં આવી.

## PM Kisan Sammelan



The programme was organized at KVK on 18$^{th}$ June, 2024 for the live telecast of PM Kisan Sammelan from Varanasi (UP). About 87 farmers from different villages were physicaly participated and other joined through link. The farmers were online guided by Hon. Prime Minister and other dignitaries.

## પી.એમ. કિસાન સમ્માન સંમેલન

તા. ૧૮/૦૬/૨૦૨૪ના રોજ વારાણસી (ઉત્તરપ્રદેશ) ખાતે આયોજીત પી.એમ. કિસાન સમ્માન સંમેલનના જીવંત પ્રસારણનો કાર્યક્રમ કેવીકે ખાતે ગોઠવવામાં આવેલ. જેમાં ઉપસ્થિત ૮૭ જેટલા ખેડુતોએ હાજર રહી તથા અન્ય ખેડુતોએ લીંક દ્વારા કાર્યક્રમમાં જોડાઇને માનનીય પ્રધાનમંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોના પ્રેરક પ્રવચનનો લાભ લીધો હતો.

## Frontline Demonstrations on Crops (અગ્ર હરોળ પાક નિદર્શનો)

| Season<br>ઋતુ | Crop<br>પાક | Variety/Technology<br>જાત/ તાંત્રિક્તા | Area (ha)<br>વિસ્તાર(હે) | Farmers<br>ખેડુતો | Villages<br>ગામો |
|---|---|---|---|---|---|
| Rabi - 24<br>રવી-૨૪ | Sugarcane<br>શેરડી | CON 013073<br>કો. એન. ૧૩૦૭૩ | 1 | 10 | Khuntali<br>ખુંટલી |
| Summer– 24<br>ઉનાળુ- ૨૪ | Greengram<br>મગ | GM-6<br>જી. એમ. ૬ | 5 | 50 | Dhodhadkuva, Dehali, Ozar, Chival<br>ધોધડકુવા, ડેહલી, ઓઝર, ચીવલ |
| Summer– 24<br>ઉનાળુ- ૨૪ | Green Fodder<br>લીલો ઘાસચારો | Rajka Bajri<br>રજકા બાજરી | 12 | 116 | Pati, Sukhala, Ambheti, Dhodhadkuva, Chival<br>પાટી, સુખાલા, અંભેટી, ધોધડકુવા, ચીવલ |
| Kharif– 24<br>ખરીફ- ૨૪ | Paddy<br>ડાંગર | Sardar<br>સરદાર | 25 | 125 | Dhodhadkuva, Sukhala, Panchlai, Arnala, Goima, Navera<br>ધોધડકુવા, સુખાલા, પંચલાઇ, અરનાલા, ગોઇમા, નવેરા |
| Kharif– 24<br>ખરીફ- ૨૪ | Paddy<br>ડાંગર | GNR-9<br>જી.એન.આર-૯ | 5 | 25 | Sukhala, Navera, Ozar<br>સુખાલા, નવેરા. ઓઝર |
| Kharif– 24<br>ખરીફ- ૨૪ | Nagli<br>નાગલી | Guj.Nagli- 9<br>ગુ.નાગલી- ૯ | 20 | 110 | Kolvera, Sarvartati, Karjun, Valveri, Varoli<br>કોલવેરા, સરવરટાટી, કરજુન, વાલવેરી, વારોલી |
| Kharif– 24<br>ખરીફ- ૨૪ | Bittergourd<br>કારેલા | Hybrid Var. Akash<br>હાઇબ્રીડ જાત આકાશ | 2.5 | 25 | Divasi, Niloshi, Lavkar<br>દિવસી, નિલોશી, લવકર |

## Technology Demonstration (તાંત્રિક્તા નિદર્શન)

| Technology<br>તાંત્રિક્તા | Farmers<br>ખેડુતો | Villages<br>ગામો |
|---|---|---|
| Micronutrients in brinjai (રીંગણમાં સૂક્ષ્મ તત્વો) | 30 | Manala (મનાલા) |
| Novel in Chilli (મરચીમાં નોવેલ) | 35 | Lakhmapor (લખમાપોર) |
| Mushroom (મશરૂમ) | 27 | Sondhalvada, Kachigam, Ambach, Karjun, Dhadhadkuva<br>સોંઢલવાડા, કચીગામ, અંબાચ, કરજુન, ધોધડકુવા |
| Vermicompost (વર્મીકમ્પોસ્ટ) | 21 | Panas, Ambheti, Dhodhadkuva<br>પાનસ, અંભેટી, ધોધડકુવા |
| Soil Moisture Indicator (ભેજ સૂચક યંત્ર) | 9 | Kaprada and Dharampur blocks (કપરાડા, ધરમપુર તાલુકો) |
| Plug tray nursery (પ્લગ ટ્રે નર્સરી) | 25 | Navera (નવેરા) |
| Ghan Jivamrit (ઘન જીવામૃત) | 91 | Ambheti, Sukhala, Asma, Rohina<br>અંભેટી, સુખાલા, આસ્મા, રોહિણા |
| Fruitfly traps in mango ( આંબામાં ફળમાખી ટ્રેપ) | 31 | Lakhmapor (લખમાપોર) |

**BOOK - POST**

**From -**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via. Vapi
Ta. Kaprada, Dist. Valsad (Gujarat) 396191